# સ્વચ્છતા અંગેના ચિત્રો દોરી વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અર્પી

## ગાંધીનગર શહેર-જિલ્લા-તાલુકાની શાળાઓમાં મહાત્મા ગાંધી અને સ્વચ્છતા વિષયે ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ખાતે આજે મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે દરેક શાળાઓમાં વિવિધ આયોજનો હાથ ધરવામાં આવ્યા હતા. ભારતના વડાપ્રધાન



નરેન્દ્ર મોદીની મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન અંતર્ગત કરાયેલી હાકલને અનુલક્ષીને મહાત્મા ગાંધી અને સ્વચ્છતા વિષય પર ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ હતી તેમજ ગાંધીજીને વિદ્યાર્થીઓ દ્વારા બે મિનિટ મૌન પાળીને અને પ્રાર્થના



સભા યોજીને શ્રદ્ધાંજલિ પણ અર્પવામાં આવી હતી.

**● સે. ૭માં આદર્શ નિવાસી શાળા**

આદર્શ નિવાસી શાળામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિને સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે તે હેતુથી ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. આ ચિત્ર સ્પર્ધામાં ધોરણ-૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાની શરૂઆતમાં બે મિનિટનું મૌન પાળી ગાંધીજીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. આ ચિત્ર સ્પર્ધામાં ધો. ૧૨ની અંજલિ રાઠોડ પ્રથમ ક્રમે, ધો. ૯ની ગીતા સોલંકી દ્વિતિય ક્રમે અને ધો. ૯ની મિનાક્ષી રાઠોડ તથા ધો. ૧૨ની નિર્મલા મકવાણા તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા.

**● સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી**

ગાંધીનગરના ગુરુકુળ સંચાલિત ભાટ ગામે સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી દ્વારા 'સ્વચ્છ ભારત- ગાંધીજીનું સ્વપ્ન' વિષય પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર ચિત્રો બનાવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા નાટક અને નૃત્ય-ગીત પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એક્શન ગૃપના પ્રિયવદન શાહ, સંસ્થાના ડાયરેક્ટર પ્રો. ધર્મેશ વંડરા અને ચેરમેન રામકૃષ્ણ સ્વામી ઉપસ્થિત રહ્યા હતા.

**● સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સીંગ**

ગાંધી નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં નર્સીંગ કોલેજની વિદ્યાર્થીઓ જોડાઈ હતી. આ પ્રસંગે અમેરિકા ખાતે નર્સ તરીકે સેવાઓ આપતા દિપીકા પટેલે વિદ્યાર્થીઓને પ્રેરક ઉદ્‌બોધન આપ્યું હતું અને સંસ્થાના દાતા વિષ્ણુભાઈએ પણ માર્ગદર્શન આપ્યું હતું. સ્પર્ધા અગાઉ મૌન પાળીને રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

**● ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**

જીઆઈપીએસમાં ગાંધી નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્યા ડૉ. રંજન વૈદ્યે ગુજરાતના પ્રથમ સ્નાતક શારદાબેન રચિત પંક્તિઓ 'વિશ્વને ઝાંખી તુ જ દેજો, બાપુ હમારા અમર રહેજો' પ્રસ્તુત કરી હતી. ત્યાર બાદ મૌન પાળી ગાંધીબાપુને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને પછી સ્વચ્છતા અભિયાન વિષયે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને સ્વચ્છ ભારત-મહાન ભારતનું બિરૂદ અપાવવાની પ્રતિજ્ઞા લેવડાવાયી હતી.

**● અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ**

સે. ૨૩માં કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં આવેલ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થીઓએ 'મહાત્મા ગાંધી અને સફાઈ' વિષય પર યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવવા પ્રયાસ કરાયો હતો અને શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. 'શહીદ દિન' નિમિત્તે વિદ્યાર્થીઓ સાથે કર્મચારીગણે પણ મૌન પાળી ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી હતી.

**● જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય**

ગાંધીનગરના સે. ૭માં આવેલ જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે યોજાયેલ કાર્યક્રમમાં 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' ભજન અને 'રઘુપતિ રાઘવ રાજા રામ' ધૂન દ્વારા મહાત્મા ગાંધીને સ્મરણાંજલિ આપવામાં આવી હતી. આ ઉપરાંત શાળાના મેદાનમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કાર્ય પણ કરવામાં આવ્યું હતું. અને સ્વચ્છતાના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગાંધીજી અને સફાઈ વિષય પર ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી.

**● જય પ્રકાશ વિદ્યાલય, સે. ૨૬**

ગાંધીનગરના સે. ૨૬ ખાતે આવેલ જયપ્રકાશ વિદ્યાલયમાં ગાંધી નિર્વાણ દિને યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં શાળા પ્રમુખ દક્ષાબેન સુથારે હાજરી આપી હતી. આ સ્પર્ધા માટે શાળાના આચાર્ય રાકેશભાઈ ઉપાધ્યાયે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. નિવૃત્ત સીનીયર સીટીઝન મહેશભાઈ જોષી અને શંકરભાઈ ચૌધરીએ આ સ્પર્ધામાં વેરીફાયની ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓએ



સ્વચ્છતા અભિયાન અંતર્ગત યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**● કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા**

ગાંધીનગર તાલુકાના કોલવડા ખાતે આવેલ કે.કે. પટેલ વિદ્યાલય તેમજ સર્વોદય પ્રા. વિદ્યામંદિર ખાતે ગાંધી નિર્વાણ દિને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના નિવૃત્ત સુપર વાઈઝર ચિનુભાઈ પટેલના મહેમાન પદે યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ગાંધીજીના જીવન પ્રસંગો વ્યક્તવ્ય દ્વારા રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં મૌન પાળી રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અપાઈ હતી અને ગાંધીજીને ગમતા ગીતો-ભજનો પ્રસ્તુત કરાયા હતા. આ ઉપરાંત શાળાના ૯૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાન



વિષયે ચિત્ર-સ્પર્ધામાં ભાગ લીધો હતો અને જીવનમાં સ્વચ્છતા જાળવવાના શપથ પણ લીધા હતા.

**● એચ.એમ. હાઈસ્કૂલ, સોજા**

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ સોજા ખાતે એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે 'મહાત્મા ગાંધી અને ગ્રામ સફાઈ' વિષય પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમાં ગાંધી વિચારના અભ્યાસુ શિક્ષક રાકેશ પ્રજાપતિ રાહીએ વિદ્યાર્થીઓને અભિપ્રેત કર્યા હતા. વિદ્યાર્થીઓએ સફાઈના પ્રતિક ઝાડુની રેખાકૃતિ સ્વરૂપે ગોઠવાઈ સ્પર્ધા સંપન્ન કરી હતી. વિદ્યાર્થીઓએ જીવનમાંસ્વચ્છતા અપનાવવા અને અન્યને તે અંગે પ્રેરિત કરવાના શપથ લીધા હતા.

# આજે અખિલ ભારતીય વાલ્મીકી મહાસભા દ્વારા રેલીનું આયોજન

### પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આ રેલીમાં સફાઈ કર્મચારીઓ, રોજમદાર કર્મચારીઓ, ઝુપડામાં રહેતા વાલ્મીકી સમાજના લોકો અને કોન્ટ્રાક્ટ પદ્ધતિ પર સફાઈકામ કરતા કર્મચારીઓ જોડાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના અખિલ ભારતીય વાલ્મીકી મહાસભા દ્વારા તા. ૩૧મી જાન્યુઆરી શનિવારે બપોરે ૧.૩૦ વાગે ઘ-૨ ઉપવાસી છાવણીથી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં સફાઈ કર્મચારીઓ, રોજમદાર કર્મચારીઓ, ઝુંપડામાં રહેતા વાલ્મીકી સમાજના લોકો તથા કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કાર્ય કરતા સફાઈ કામદારો તેમના ૧૨ જેટલા પડતર પ્રશ્નોના નિકાલ માટે દેખાવો કરશે.

અગાઉ આ કર્મચારીઓ વતી મહાસભા દ્વારા તા. ૨૨મી ઓક્ટોબર અને ૨૩મી ડિસેમ્બરે આ પડતર પ્રશ્નો અંગે આવેદનપત્ર સરકારને, કલેક્ટરને, કમિશનરને, મનપાના મેયરને તથા મહાનગર પાલિકાને આપવામાં આવેલ હતુ. પરંતુ હજુ સુધી તેનુ નિરાકરણ આવ્યુ નથી. આ પડતર પ્રશ્નોને લઈ સફાઈ કર્મચારીઓ આવતીકાલે રેલી કાઢશે. જે અંતમાં ઉપવાસી છાવણીએ પરત ફરી સભાના સ્વરૂપે ફેરવાશે.

# લવારપુર ગામમાંથી ફ્રંટી ગાડી રહસ્યમય રીતે ચોરાઈ

### પોલીસ ફરીયાદના એક કલાક બાદ ગાડી મળી પણ ગઈ..!

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીક આવેલા લવારપુર ગામમાંથી એક મારુતી ફ્રંટી ગાડી અચાનક રહસ્યમય રીતે ચોરાઈ ગઈ હતી. કાર માલીકે આસપાસમાં શોધખોળ કરી પરંત ગાડી મળી ન આવતા તેણે પોલીસ ફરિયાદ કરી હતી. ફરિયાદ થયાનાં એક કલાકમાં ગાડી નજીકની જ જગ્યાએથી માલિકને મળી પણ ગઈ હતી. ગાડીની ચોરી કોણ કરી ગયું? ક્યાં તેનો ઉપયોગ થયો અને પરત કેમ મુકી ગયું? તે તમામ બાબતો હજુ રહસ્યમય છે. લવારપુર ગામમાંથી મારૂતી ફ્રંટી ગાડી નં. જીજે ૧૮ એએ ૩૭૪ની ચોરી થઈ જતાં તેના માલિક પરેશભાઈ પટેલે જયાં ગાડી મુકી હતી ત્યાં તથા તેની આસપાસનાં વિસ્તારોમાં તપાસ કરી હતી પરંતુ ગાડીનો પત્તો ન લાગતા ચોરી થઈ ગયેલી ગાડીની પોલીસ મથકે જઈ ફરિયાદ આપી હતી. ગાડી માલિકે ફરીયાદ આપી તેના એકાદ કલાકમાં જ ગાડી મળી આવતા કાર માલિક પણ ચોંકી ગયા હતાં. આ સમયમાં ગાડીનો ઉપયોગ કયાં થયો અને કોણ ઉઠાવી ગયુંહતુંતે સહિતની બાબતો અંગે તપાસ ચાલી રહી છે.

## સે. ૭/બીના સ્વ. લીલાબા રાઠોડનું ચક્ષુદાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના સેક્ટર-૭-બી માં પરિમલ એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૭૨ વર્ષીય લીલાબા અભેસિંહ રાઠોડનું તા. ૨૯મી જાન્યુઆરીએ અવસાન થતા તેમની આંખો દાનમાં આપવામાં આવી હતી. આ ચક્ષુદાન જુનિયર સીટીઝન કાઉન્સીલ દ્વારા સ્વ. લીલાબાના કુટુંબીજન નવદિપસિંહ રાઠોડની સંમતિથી મેળવ્યું હતું. આ ચક્ષુદાન માટે તબીબી સેવા ડૉ. મીત પટેલે આપી હતી તથા આ કાર્ય માટે જુસિકા વતી દિલીપભાઈ દંતાણી અને દિનેશભાઈ દવેએ જરૂરી સેવાઓ પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ચક્ષુબેંકમાં પહોંચાડવાનું કાર્ય સુકેતુ મહેતાએ કર્યું હતું.

## કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકા વધારો

ગાંધીનગર, તા.૩૦

કેન્દ્ર, રાજયના કર્મચારી-પેન્શનરો તથા કુટુંબ પેન્શન મેળવનારને કેન્દ્રના ધોરણે હાલમાં ૧૦૭ ટકા મોંઘવારી ભથ્થું મળે છે. ભાવાંક વધતાં હવે તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૫થી ૬ટકાનો મોંઘવારી ભથ્થામાં વધારો થતાં ૧૧૩ ટકા મોંઘવારી ભથ્થું મળશે. કેન્દ્ર સરકાર જાહેરાત કરે ત્યારબાદ રાજય સરકાર છઠ્ઠા પગાર પંચની ભલામણનો સ્વીકાર કરેલ છે તે અન્વયે જાહેરાત કરશે. કેન્દ્ર સરકારી માર્ચ માસમાં જાહેરાત કરશે ત્યારબાદ એપ્રિલ-મે માં રાજય સરકાર જાહેરાત કરશે.

# સે. ૨માં વૃદ્ધ એનઆરઆઈ દંપતી સાથે ચેઈન સ્નેચીંગનો પ્રયાસ

### વૃદ્ધાએ દોરો પકડી રાખતાં દોરો બચી ગયો : પડી ગયેલા ચેઈન સ્નેચરે કાકાને પથ્થર માર્યો ને બાઈક પર તેના સાગરીત સાથે ભાગી ગયો

ગાંધીનગર, તા. ૩૦

થોડો સમય ગાંધીનગરના નિવાસસ્થાને રહેવા આવેલા વૃદ્ધ એનઆરઆઈ દંપતિ ગઈ સાંજે બાઈક પર સે. ૨ સ્વામિનારાયણ મંદિર રોડ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે શહેરમાં તરખાટ મચાવનાર ચેઈન સ્નેચર્સનો તેમને પણ કડવો અનુભવ થઈ ગયો હતો. વૃદ્ધાએ તેણીનો દોરો પકડી રાખતા ચેઈન સ્નેચરના હાથે દોરો આવ્યો ન હતો અને બાઈક પરથી પડી ગયો હતો. તેને પકડવા વૃદ્ધ કાકા પાછળ દોડ્યા તો પથ્થર મારીને કાકાને ઘાયલ કરી બંને ચેઈન સ્નેચર્સ રફુચક્કર થઈ ગયા હતા. એનઆરઆઈ દંપતીએ પોલીસ બોલાવી હતી પરંતુ આજે પરત અમેરિકા જવાનું હોવાથી ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

મળતી માહિતી મુજબ અમેરીકાથી ગાંધીનગર નજીક કુડાસણ ખાતે સ્વાગતમાં પોતાના મકાનમાં થોડો સમય માટે એનઆરઆઈ વૃદ્ધ દંપતી રહેવા આવ્યું હતું. ગઈ કાલે સમી સાંજે દંપતી બાઈક લઈને સે. ૨ સ્વામીનારાયણ મંદિર પાસેના માર્ગ પરથી પસાર થઈ રહ્યુ હતુ ત્યારે બાઈક પર ડબલ સવારી ચેઈન સ્નેચર્સ આવ્યા અને પાછળ રહેલા યુવાન શખ્સે વૃદ્ધાને ગળામાં ચાલુ વાહને હાથ મારી સોનાનો દોરો ખેંચ્યો હતો, પરંતુ વૃદ્ધાએ દોરો પકડી રાખતા ચેઈન સ્નેચરના હાથમાં ગયો ન હતો. જેને પગલે બાઈક પાછળ બેઠેલો ચેઈન સ્નેચર પડી ગયો હતો. કાકાએ બાઈક ઉભી રાખીને તેને પકડવા દોટ મુકી પરંતુ પકડાઈ જવાના ડરથી તે શખ્સે બાજુમાં પડેલો પથ્થર ઉંચકીને કાકાના માથામાં મારી દીધો હતો. પથ્થર મારીને કાકાને ઘાયલ કરી બાઈક પર બંને શખ્સો ભાગી ગયા હતા. તાત્કાલીક પોલીસને પણ ઘટનાસ્થળે બોલાવી લેવામાં આવી હતી. જો કે આજે તેમને અમેરીકાની રીટર્નફ્લાઈટ હોવાથી તથા દોરો બચી ગયો હોવાથી પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું.

# રાજ્યના તમામ ગામડાની સ્ટ્રીટ લાઈટોને સોલારથી જોડવા મુખ્યમંત્રીને રજુઆત

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતમાં ગામે-ગામ રાત્રે લાઈટ માટે સ્ટ્રીટલાઈટ ગ્રામ પંચાયત ચલાવે છે. અને રાજ્યના તમામ ગામો સ્ટ્રીટલાઈટથી જોડાયેલા છે ત્યારે વિધિત પ્રવાહથી અલીપ્ત કરી સોલાર (સૂર્ય કિરણો)થી જોડવામાં આવે તો વીજળીનો મોટા પ્રમાણમાં બચાવ થાય તેમ છે તેવી લેખિત રજુઆત પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે મુખ્યમંત્રીને કરી છે.

સાબરકાંઠાના સહકારી સંગના અધ્યક્ષ અને પૂર્વ ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાયે મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પત્ર લખી જણાવ્યુ હતુ કે કુદરતી સૂર્ય કિરણોનો ઉપયોગ કરી પ્રથમ તબક્કે રાજ્યના તમામ ગામોની સ્ટ્રીટલાઈટને સોલારથી જોડવી જોઈએ અને રાજય સરકારે સ્ટ્રીટલાઈટ માટે સોલારનો ખર્ચ ઉઠાવવો જોઈએ. જેનાથી વીજળીનો બચાવ થાય અને ગ્રામ પંચાયતોને બીલ ભરવામાંથી મુક્તિ મળી જાય તેમ છે.

વધુમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસેથી સ્પેશ્યિલ પેકેજ મેળવવુ જોઈએ તેમાં રાજ્ય સરકારે હિસ્સો ઉમેરી ૧૦૦ ટકા ગામડાઓને આવરી લેવાય તે જરૂરી છે. રાજ્ય સરકારે આ અંગે ખેતીવાડી, વીજળી અને ઉદ્યોગના બજેટમાં કામ મુકી તે નાણાં અને કેન્દ્ર સરકારમાંથી મેળવેલ ગ્રાન્ટના ભંડોળમાંથી વિશેષ પેકેજ બનાવી તમામ ગામડાઓને આવરી લેવા જોઈએ. કુદરતી સાધનોનો ઉપયોગ કરી આર્થિક બોજામાંથી ગ્રામ પંચાયતોને મુક્તિ આપી આ યોજના આવકારદાયક અને ઉપયોગી બની શકે તેમ છે. અને આ દિશામાં તાત્કાલિક પગલા લેવા જોઈએ.

# ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધી નિર્વાણ દિને પ્રાર્થના સભા

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૩૦-૧-૨૦૧૫ના રોજ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે કોંગ્રેસ કાર્યાલય સેક્ટર-૨૨ ખાતે ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલના અધ્યક્ષ સ્થાને બપોરે ૨.૦૦ કલાકે પ્રાર્થના સભામાં શ્રદ્ધઆંજલિ આપી બે મનિટ મૌન પાળવામાંઆવ્યુહતુ. આ પ્રાર્થના સભામાં ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ, નિશિત વ્યાસ, સી.એમ. વર્મા, હરેશ પટેલ, હિંમતલાલ મેકવાન, કનુભાઈ પરમાર, અંકીત બારોટ, કે.પી.સોલંકી, વિજય સોલંકી, રાકેશ જાની, સવિતાબેન ડાભી, કનુભાઈ શાહ, કે.ડી. પટેલ, સી.કે. સોની, વિજયસિંહ, જય, રાહુલ, જશીબેન શ્રીમાળી, કપીલાબેન ચાવડા, ઈલાબેન જાદવ, હીરાભાઈ મહેરીયા, પીતામ્બરભાઈ, નરેશ પરમાર, ગૌતમ સોલંકી, સાગર બ્રહ્મભટ્ટ, દર્શિતશાહ, હાજર રહ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૦

સૂર્યાસ્ત : ૬.૨૬

## તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૩૨ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્કીન-૨ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્કીન-૩ :

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

### સિનેમેક્સ,

: સ્કીન-૧ :

૩ડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

: સ્કીન-૨ :

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્કીન-૩ :

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

સ્કીન-૪ :

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦, ૧૦.૦૫

## આપની આજ

**મેષ** : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

**વૃષભ** : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**મિથુન** : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**કર્ક** : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

**સિંહ** : ધર્મઆધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કન્યા** : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

**તુલા** : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશો. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**ધન** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**મીન** : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. ચૌહાણ ભિખુસિંહ રમણસિંહ (ઉ.વ.૩૫) મુ. લીંબોદરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. રાઠોડ લીલાબા અભેસિંહ (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૪/૧૯, પરીમલ એપાર્ટમેન્ટ, સે-૭બી, ગાંધીનગર
- સ્વ. બચુભાઈ ભીખાભાઈ કડીયા (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૦૩૦/૧, સેક્ટર-૩ડી, ગાંધીનગર
- સ્વ. હિરામણભાઈ એન. ઠાકરે (ઉ.વ.૬૫) સી/જી-૨, જીઆઈડીસી, સે-૨૬, ગાંધીનગર
- સ્વ. ધવલજી ડાહ્યાભાઈ સોલંકી (ઉ.વ.૩૬) બ્લોક નં. ૩૩/૫, ચ-૧, સે-૮, ગાંધીનગર